ગુજરાત પ્રદેશ ભાજપા
તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૬

સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયા તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદ સંબોધી

સંવિધાન પ્રત્યેનું સન્માન અને તેની રક્ષા ભાજપાના મૂળ વિચાર અને કાર્યપદ્ધતિમાં રહેલાં છે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા

સંવિધાન ગૌરવ દિન ૨૬ નવેમ્બર, ગુરુવારે સાંજે ૪ વાગ્યે અમદાવાદના ટાગોર હોલ ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાશે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા

ભાજપા દ્વારા ૨૬ નવેમ્બરે રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોમાં સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા

'સેલ્ફી વિથ સંવિધાન' અને સંવિધાન આધારિત સ્પર્ધાઓ તેમજ 'સંવિધાન અમારું ગૌરવ, સંવિધાન અમારું સન્માન'ના હેશટેગ સાથે રાજ્યભરમાં યુવાનોનો સંપર્ક કરી સંવિધાન વિષયક સંવાદ કરવામાં આવશે
-શ્રી ગૌતમભાઈ ગેડિયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંવિધાનના સન્માન, નાગરિકોના અધિકારોના રક્ષણ અને બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવવા ભાજપા સરકાર પ્રતિબદ્ધ છે
-ડૉ. અનિલભાઈ પટેલ

કોંગ્રેસે નહેરુ-ગાંધી પરિવારની સત્તા ટકાવી રાખવા સંવિધાનનો અનેક વખત દુરુપયોગ કર્યો અને કટોકટી લાદી લોકશાહીનું ગળું દબાવ્યું
-ડૉ. અનિલભાઈ પટેલ

ભાજપા સરકારમાં થયેલ બંધારણીય સુધારાઓનો હેતુ સત્તાનું કેન્દ્રીકરણ નહીં, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને છેવાડાના નાગરિકોના સશક્તિકરણનો રહ્યો છે
-ડૉ. અનિલભાઈ પટેલ

મનમોહનસિંહ સરકારના સમયમાં ચૂંટાયેલી સરકારની સત્તાની બહાર સમાંતર સત્તાકેન્દ્ર ઊભું કરવાના પ્રયાસો તથા રાહુલ ગાંધી દ્વારા જાહેરમાં પોતાની જ કેન્દ્ર સરકારના વટહુકમની નકલ ફાડવાની ઘટના કોંગ્રેસના સંસદીય અને બંધારણીય પ્રક્રિયાઓ પ્રત્યેના અપમાનજનક વલણનું ઉદાહરણ છે
-ડૉ. અનિલભાઈ પટેલ

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આગામી ૨૬ નવેમ્બરના રોજ ઉજવાનાર સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોની વિગતો અને સંવિધાન પ્રત્યે ભાજપાની પ્રતિબદ્ધતા તથા કોંગ્રેસ દ્વારા બંધારણના કરાયેલા વારંવારના અપમાન સંદર્ભે આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયા તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પ્રસંગે પ્રદેશ મંત્રી નીરવભાઈ અમીન પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગૌતમભાઈ ગેડિયાએ જણાવ્યું હતું કે, સંવિધાન પ્રત્યેનું સન્માન અને તેની રક્ષા ભાજપાના મૂળ વિચાર અને કાર્યપદ્ધતિમાં રહેલાં છે. સંવિધાનના અમલના સમયથી જ કલમ ૩૭૦ના મુદ્દે દેશની એકતા અને અખંડિતતા માટે આદરણીય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ 'એક દેશમાં બે વિધાન, બે પ્રધાન નહીં ચાલે'નો નારો આપ્યો હતો. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરેન્દ્રનગર ખાતે હાથીની અંબાડી પર બાબાસાહેબ ડૉ. આંબેડકરજીના સંવિધાનની ગૌરવપૂર્ણ પદયાત્રા યોજી હતી.

શ્રી ગૌતમભાઈ ગેડિયાએ માહિતી આપતા જણાવ્યું કે, આગામી ૨૬ નવેમ્બરના રોજ સંવિધાન ગૌરવ દિને અમદાવાદના ટાગોર હોલ ખાતે સાંજે ૪ વાગ્યે કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક ગોષ્ઠી નો કાર્યક્રમ યોજાશે.
આ ઉપરાંત રાજ્યના જિલ્લા અને મહાનગરોમાં સંવિધાન ગૌરવ યાત્રા યોજાશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોમાં વોર્ડ સ્તરે પણ યાત્રાઓ યોજાશે.

તેમણે કહ્યું કે, આજની પેઢીમાં સંવિધાન અંગે વધુ જાગૃતિ લાવવા 'સેલ્ફી વિથ સંવિધાન' અને સંવિધાન આધારિત સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. 'સંવિધાન અમારું ગૌરવ, સંવિધાન અમારું સન્માન'ના હેશટેગ સાથે રાજ્યભરમાં યુવાનોનો સંપર્ક કરવામાં આવશે. લોકસભા અને રાજ્યસભાના સાંસદો પણ ૨૬ થી ૨૯ નવેમ્બર દરમિયાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં યુવાનો સાથે સંવિધાન વિષયક સંવાદ યોજશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત ભાજપા દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં પત્રકાર પરિષદ યોજીને ડૉ. બાબાસાહેબ આંબેડકરજી અને સંવિધાનનું મહત્ત્વ, ભાજપા તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંવિધાન અને બાબાસાહેબને આપવામાં આવેલું સન્માન અને કોંગ્રેસના શાસનમાં સંવિધાનની અવગણના તથા બાબાસાહેબનું થયેલું અપમાન અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો છે.

પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૪૯માં બંધારણીય સભા દ્વારા સ્વીકૃત થયેલું ભારતનું સંવિધાન માત્ર કાયદાનું પુસ્તક નથી, પરંતુ દેશના નાગરિકોના અધિકારો, સમાનતા, સ્વતંત્રતા, લોકશાહી અને રાષ્ટ્રની એકતા-અખંડિતતાનો જીવંત દસ્તાવેજ છે. અગાઉ ૨૬ નવેમ્બર કાનૂન દિવસ તરીકે ઓળખાતો હતો, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ૨૬ નવેમ્બરને સંવિધાન દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. ત્યારથી સમગ્ર દેશમાં સંવિધાનના મહત્ત્વ, નાગરિકોના અધિકારો અને ફરજો અંગે જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

સંવિધાન ગૌરવ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીમાં સંવિધાન પ્રત્યે ગૌરવ અને જાગૃતિ કેળવવાનો છે. સાથે જ સુપ્રીમ કોર્ટ, ચૂંટણી પંચ, ન્યાયતંત્ર, સીબીઆઈ સહિતની બંધારણીય સંસ્થાઓની ગરિમા જાળવવા અને સંસદની લોકશાહી પરંપરાઓનું મહત્ત્વ લોકો સુધી પહોંચાડવાનો છે. કોંગ્રેસના શાસનકાળની ટીકા કરતાં ડૉ. પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૫ની કટોકટી ભારતીય લોકશાહીનો કાળો અધ્યાય છે. તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના શાસનમાં નાગરિકોના મૂળભૂત અધિકારો, પ્રેસની સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યોનું હનન થયું હતું. વિપક્ષના નેતાઓ સહિત અનેક નાગરિકોની ધરપકડ કરવામાં આવી અને લોકશાહીની સંસ્થાઓને નિયંત્રિત કરવાનો પ્રયાસ થયો હતો. ત્યારબાદ પણ કોંગ્રેસના વિવિધ શાસનકાળમાં સંવિધાનમાં વારંવાર એવા સુધારા કરવામાં આવ્યા, જેના કારણે લોકશાહી વ્યવસ્થા અને બંધારણીય સંસ્થાઓની સ્વાયત્તતા સામે પ્રશ્નો ઊભા થયા.

તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં કલમ ૩૫૬નો વારંવાર ઉપયોગ કરીને ચૂંટાયેલી રાજ્ય સરકારોને બરતરફ કરવામાં આવી. કલમ ૩૭૦ અને ૩૫-એ જેવા મુદ્દાઓમાં સંસદીય પ્રક્રિયા અને પારદર્શિતાને બાજુ પર રાખવામાં આવી હતી. શાહબાનો કેસમાં કાયદાકીય ફેરફાર, નરસિંહારાવ સરકાર દરમિયાનનો કેશ ફોર વોટ કાંડ અને મનમોહનસિંહ સરકારના સમયમાં નેશનલ એડવાઇઝરી કાઉન્સિલ (NAC) મારફતે ચૂંટાયેલી સરકારની સત્તાની બહાર સમાંતર સત્તાકેન્દ્ર ઊભું કરવાના પ્રયાસો કોંગ્રેસની બંધારણ વિરોધી કાર્યપદ્ધતિ દર્શાવે છે. રાહુલ ગાંધી દ્વારા જાહેરમાં પોતાની જ કેન્દ્ર સરકારના વટહુકમની નકલ ફાડવાની ઘટના પણ સંસદીય અને બંધારણીય પ્રક્રિયાઓ પ્રત્યેના તેમના અપમાનજનક વલણનું ઉદાહરણ છે.

ડૉ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા અને એનડીએ સરકારે સંવિધાનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે. ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો, જીએસટી, આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત, કલમ ૩૭૦ અને ૩૫-એની નાબૂદી જેવા નિર્ણયો સામાજિક ન્યાય, રાષ્ટ્રીય એકતા અને બંધારણીય સશક્તિકરણની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં છે. બાંગ્લાદેશ સાથે લાંબા સમયથી પડતર સરહદી જમીનના પ્રશ્નનું વર્ષ ૨૦૧૫માં સમાધાન કરીને રાષ્ટ્રીય હિતને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ભાજપા સરકારના બંધારણીય સુધારાઓનો હેતુ સત્તાનું કેન્દ્રીકરણ નહીં, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને છેવાડાના નાગરિકોના સશક્તિકરણનો રહ્યો છે.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે, સંવિધાન કોઈ રાજકીય પક્ષની મિલકત નથી, પરંતુ દેશના ૧૪૦ કરોડ નાગરિકોનું ગૌરવ છે. તેથી સંવિધાનના મૂલ્યોનું જતન, બંધારણીય સંસ્થાઓનું સન્માન અને લોકશાહીની પરંપરાઓનું પાલન દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. ભારતીય જનતા પાર્ટી સંવિધાન ગૌરવ અભિયાન દ્વારા આ જ સંદેશ જન-જન સુધી પહોંચાડવા પ્રતિબદ્ધ છે.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત